PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧/કવા–૦૨/૧૮–૧૯/ 7535-1 તા. 13-8-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દેવેન્દ્રકુમાર ચતુરભાઈ પટેલ,
લાતી પ્લોટ શેરી નં.–૨,,
– અજંતા–
જનતા એન્જીનીયરીંગ ની બાજુમા
મોરબી -363641
મો: ૯૪૨૭૨ ૫૨૫૮૮

વિષય :–થ્રી ફેઇઝ લાઈટ બીલ – દર માસે મળવા બાબત ( રજી. એડી. તા.૨૧–૦૬)
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વિભાગીય કચેરી, મોરબી

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૬–૦૮–૧૮ | સ્થળ : મોરબી |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: દેવેન્દ્રકુમાર ચતુરભાઈ પટેલ, ગામ: મોરબી

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે રાજેન્દ્રભાઈ વી. દોશી હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વિભાગીય કચેરી, મોરબી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)

રજુઆત કરનાર :એન.ડી.પનારા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, મોરબી

## : હુકમ :

ફરીયાદ : થ્રી ફેઇઝ લાઈટ બીલ – દર માસે મળવા બાબત ( રજી. એડી. તા.૨૧–૦૬)

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ એન.આર.જી.પી. કેટેગરી હેઠળ ગ્રાહક નં.–૩૪૩૦૧/૫૬૩૭૪/૧ થી ૬.૫ કીવો નુ વીજજોડાણ ધરાવે છે. તેઓને દ્રીમાસીક વીજબીલ આવે છે, નિયમ મુજબ – જો માસીક વીજબીલ આપવામા આવે તો – ખોટા વધારાના રીડીંગ ના ચાર્જીસ ભરપાઈ કરવા ન પડે – તે માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી દેવેન્દ્રકુમાર ચતુરભાઈ પટેલ નુ વીજજોડાણ થ્રી ફેઇઝ હોય – હવે પછી ની બીલીંગ સીસ્ટમમાં જરૂરી ફેરફાર થઈ ગયા બાદ દ્રીમાસીક ને બદલે માસીક વીજબીલ આપવામા આવશે, જેની જાણકારી પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્રારા પત્ર નં.–૩૩૩૦ તા.૧૨–૦૭–૧૮ થી અરજદાર ને જાણકારી અપાયેલ છે. |

### મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી દેવેન્દ્રકુમાર ચતુરભાઈ પટેલ ગ્રાહક નં. – ગ્રાહક નં.–૩૪૩૦૧/૫૬૩૭૪/૧ થી એન.આર.જી.પી. કેટેગરી હેઠળ ૬.૫ કીવો નુ વીજજોડાણ ધરાવે છે. અરજદાર ની ફરીયાદ અન્વયે –પીજીવીસીએલ પક્ષકાર દ્રારા બીલીંગ સીસ્ટમમાં જરૂરી ફેરફાર થઈ ગયા બાદ – હવે પછી ના વીજબીલ માં – દ્રીમાસીક ને બદલે માસીક વીજબીલ આપવામા આવે તે મુજબ નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

## હુકમ

મુદ્દા નં.-૪:

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.